## ઇરાન-ઇઝરાઇલ-અમેરિકા યુદ્ધના કારણે રાંધણ ગેસની મોટી અછત વર્તાતા

# ફેન્સી ઢોસા, તળેલી વાનગીઓ મેનુ માંથી ગાયબ

**રાંધણ** ગેસની અછતના કારણે હોટેલોએ મેનુમાંથી અનેક આઇટમો ઘટાડવી પડી

**ફરસાણની** દુકાનોમાંથી અનેક તળેલી આઇટમોનો સ્ટોક પૂરો થતાં નવી બનતી નથી, કેટલાય ઘરોમાં રાંધણ ગેસની અછત




વલસાડ : વલસાડમાં રાંધણ ગેસની અછત મોટી સંખ્યામાં વર્તાઇ રહી છે. અનેક હોટેલોના મેનુમાંથી ફેન્સી ઢોસા અને તળેલા ખાદ્ય પદાર્થો ઓછા થઇ ગયા છે. તેમજ કેટલીય ફરસાણની દુકાનોમાંથી અનેક તળેલી આઇટમોનો સ્ટોક પુરો થવા છતાં નવી બની શકતી નથી. હોટેલ સિવાય કેટલાય ઘરોમાં પણ રાંધણ ગેસની અછત વર્તાઇ રહી છે.

વલસાડમાં રાંધણગેસની વ્યાપક અસર વર્તાઇ રહી છે. વ્યાવસાયિક ધોરણે વપરાતા રાંધણ ગેસની વ્યાપક અસરના કારણે હોટેલોમાંથી ઢોસાની વિવિધ આઇટમો, તળેલા ખોરાકો, સાદી રોટલી તેમજ અનેક આઇટમોની બાદબાકી થઇ ગઇ છે. જોકે, કેટલીક હોટેલોએ તેના વિકલ્પ રૂપી ઇલેક્ટ્રીક સગડી તેમજ કોલસાની સગડીનો ઉપયોગ કરી દીધો છે. જોકે, તેનાથી મર્યાદીત ખોરાક જ બની શકે છે.

### વલસાડના કેટલાક ઘરોમાં એક સપ્તાહથી રસોઇ બની નથી

વલસાડ ધોબી તળાવમાં રહેતા સુનિતાબેને જણાવ્યું કે, એક સપ્તાહથી અમને ગેસ સિલિન્ડર મળી રહ્યો નથી. જેના કારણે અમારે બીજાના ઘરે ખીચડીનું કુકર મુકી ખીચડી પર ગુજારો કરવો પડી રહ્યો છે. કોઇ વખત આજુબાજુવાળા કંઇ આપે તો એ ખાઇ લઇએ છે. જ્યાં કામ કરીએ ત્યાંથી કોઇ વાર ટીફીન મળી જાય તો તેના પર જીવી રહ્યા છે. અમને ઘરેલુ વપરાશ માટે પણ ગેસ મળતો નથી, પૈસાદાર લોકોને કેવી રીતે મળી જાય તેની અમને જાણ નથી.

વલસાડની ઉડીપી હોટલના સંચાલક હરીશભાઈએ જણાવ્યું કે, હાલત કોરોના કરતા ખરાબ છે. છેલ્લા એક સપ્તાહથી ગેસનો એક પણ બુલો (સિલિન્ડર) મળ્યો નથી. જેના કારણે મોટી તકલીફ પડી રહી છે. હાલ સાદા, મસાલા ઢોસા જ આપી રહ્યા છે. અનેક ફેન્સી ઢોસા બંધ કરવા પડ્યા છે. હાલ ઢોસા ઇલેક્ટ્રીક સગડી પર બનાવી રહ્યા છે. જેમાં એક સાથે માત્ર બે જ ઢોસા બનતા હોય જો ઓર્ડર વધી જાય તો ઢોસા આપતા વાર લાગે છે. આ સિવાય અમારા દ્વારા અનેક તળેલી આઇટમો પણ બંધ કરવી પડી છે. રાંધણગેસના વિકલ્પ તરીકે હાલ અમે કોલસાનો ઉપયોગ શરૂ કર્યો છે. તવાની મહત્તમ આઇટમો બંધ કરવી પડી છે. જોકે, ધંધો કરવા માટે કોલસો અને ઇલેક્ટ્રીક સગડી પર હાલ નિર્ભર બન્યા છે.

આવી જ હાલત ફરસાણની દુકાનની છે. વલસાડના એક ફરસાણ સંચાલકે જણાવ્યું કે, અમારે ફાફડા, ગાંઠિયા બંધ કરવા પડ્યા છે. ગેસના ઓછા ઉપયોગથી બનતી અને અનિવાર્ય ચીજવસ્તુ જ બનાવી રહ્યા છે. ગેસ મળવાની કોઇ તારીખ નક્કી નથી. સિલિન્ડર નોંધતા પણ નથી. ત્યારે યુદ્ધની વ્યાપક અસર અમારા ધંધા પર પડી રહી છે.

### વિનાયક પાવભાજી એન્ડ પુલાવ શોપમાં ઘરેલૂ સિલિન્ડરનો વિડીયો વાયરલ



કેટલાક હોટેલ સંચાલકો પોતાની રીતે કાળા બજારમાં ગેસ સિલિન્ડરો લઇ રહ્યા છે. સોશિયલ મીડિયામાં વલસાડના કે.બી. મોલ નીચે આવેલી વિનાયક પાવભાજી એન્ડ પુલાવ શોપમાં ગેરકાયદે ઘરેલુ ગેસના બાટલાઓનો ઉપયોગ થતો હોવાનો વિડીયો વાઇરલ થયો છે. અહીં એકસાથે ત્રણથી વધુ ઘરેલુ ગેસ સિલિન્ડર અને અન્ય કોમર્શિયલ બાટલાઓનો જથ્થો જોવા મળ્યો છે. કેટલાક પ્રામાણિક હોટલ સંચાલકો ગેસ ન મળવાને કારણે ધંધામાં નુકસાન વેઠી રહ્યા છે, ત્યારે આવી હોટલોના સંચાલકો કાળાબજારમાં ગેસ સિલિન્ડર મેળવી ધંધો કરી રહ્યા છે. ત્યારે આવા હોટેલ સંચાલકો સામે વહીવટી તંત્ર અને પુરવઠા વિભાગ પગલાં ભરે એ જરૂરી બન્યું છે.

### ટીમને મોકલી છે, પગલાં ભરાશે

ઘરેલું ગેસના વપરાશનો વિડીયો વાઇરલ થતાં આ સંદર્ભે વલસાડના જિલ્લા પુરવઠા અધિકારી ડી. એસ. બારિયાએ જણાવ્યું કે, આ વિડીયો જોયા બાદ તેની તપાસ માટે અમારી ટીમ મોકલી હતી. જેની તપાસ ચાલી રહી છે. કસૂરવાર સામે પગલાં ભરાશે. જિલ્લા પુરવઠા દ્વારા હાલ સમગ્ર જિલ્લામાં રેગ્યુલર ચેકિંગ ચાલી રહ્યું છે. ઘરેલુ ગેસની અછત કોઇ વ્યક્તિને નહીં પડે એ માટે બનતા પ્રયાસો થઇ રહ્યા છે.

### પેટ્રોલ પંપ સંચાલકોની ઉધારીના કારણે પંપ બંધ, અછતના કારણે નહીં

## પેટ્રોલ-ડિઝલના ડીલરોએ ઉધાર પેટ્રોલ આપવાનું બંધ કરી દીધું

**જિલ્લાના** કેટલાક પેટ્રોલપંપ પર કાલે પેટ્રોલ ખૂટી પડતાં પંપો બંધ થયા

વલસાડ : ગુજરાતના રાજકોટ અને અમદાવાદમાં પેટ્રોલની અછતની અફવાની અસર વલસાડમાં જોવા મળી ન હતી. જેની વચ્ચે ગત બે દિવસ દરમિયાન જિલ્લાના કેટલાક પેટ્રોલપંપો બંધ જોવા મળ્યા હતાં. જેને લઇ કેટલાક વાહનચાલકોમાં થોડો ગભરાહટ જોવા મળ્યો અને તેમણે લાઇનો લગાવી હતી. જોકે, આ પરિસ્થિતિ પેટ્રોલ પંપ સંચાલકોની ઉધારીના કારણે થયું છે, પેટ્રોલની અછતના કારણે નહી થયું હોવાનું જાણવા મળ્યું છે.

ઇરાન-ઇઝરાઇલ-અમેરિકા યુદ્ધના પગલે પેટ્રોલ ડિઝલના મોટા ડિલરોએ ઉધાર પેટ્રોલ આપવાનું બંધ કરી દીધું છે. પાછલી ઉધારી ચૂકવાય પછી જ તેઓ પેટ્રોલ અને ડિઝલના ટેન્કરો મોકલી રહ્યા હોવાનું પેટ્રોલ પંપના સંચાલકોએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, અગાઉ પૈસાની ચૂકવણી ન થાય તો વાંધો નહી, તેઓ તેના પર 18 ટકાનું વ્યાજ વસૂલતા હતાં. જોકે, હવે જો પેમેન્ટ ન થાય તો બીજા દિવસે અથવા બીજા ઓર્ડરમાં પેટ્રોલ-ડિઝલ મોકલતા જ નથી. તેમજ જે તે ડિલરોએ પેટ્રોલની અપાતી ક્રેડિટ પણ અડધી કરી દીધી છે. જેમકે કોઇ પેટ્રોલ પંપ પાસે રૂપિયા 10 લાખની ક્રેડિટ રહેતી હતી. જેમાં ડિલરો તેમને રૂપિયા 10 લાખ સુધીની કિંમતનું પેટ્રોલ-ડિઝલ આપતા હોય છે. તેમણે ક્રેડિટમાં 50 ટકા સુધીનો ઘટાડો કરી દીધો છે. ક્રેડિટ સિવાય ગત વર્ષની સરખામણી મુજબનો જ પેટ્રોલનો જથ્થો આપી રહ્યા છે. કેટલાક પેટ્રોલ પંપ સંચાલકો સંગ્રહખોરી કરી શકે એવી શંકા સામે ડિલરો ગત વર્ષની સરખામણીએ જ પેટ્રોલ-ડિઝલ આપે છે. ગત માર્ચ માસમાં પેટ્રોલ-ડિઝલની ખપત હતી એટલો જ જથ્થો હાલ આપી રહ્યા છે. ડરના માહોલમાં લોકો વાહનોમાં વધુ પેટ્રોલ ભરાવી તેની અછત કરે અથવા પેટ્રોલ પંપ સંચાલકો તેની સંગ્રહખોરી ન કરે એ માટે ડિલરોએ આવું પગલું ભર્યું હોવાનું પણ ડિલરોએ જણાવ્યું છે.

### ઈરાનમાં ફસાયેલા ઉમરગામના માછીમારોને પરત લાવવા સરકાર મદદ કરે તેવી માંગ



ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામના 72 માછીમારો ઈરાનમાં ફસાયેલા છે. તેઓને પરત લાવવા સરકાર મદદ કરે તેવી માંગણી કરી રહ્યા છે. ઈરાન ઇઝરાયલ વચ્ચેના યુદ્ધના કારણે ઉમરગામ તાલુકાના મરોલી સહિત આજુબાજુના 72 માછીમારો કિસ આઇલેન્ડ પર ફસાયેલા છે. ઈરાનમાં ફસાયેલા માછીમારો ખૂબ જ ચિંતિત છે અને યુદ્ધ વધે તો મુશ્કેલી ઔર વધી શકે છે તેની ચિંતા પરિવારોને સતત સતાવી રહી છે. તેઓ ભારત અને ગુજરાત સરકાર પાસે મદદની આશા સાથે વતન લાવવા સરકાર વ્યવસ્થા કરે તેવી માંગ કરી છે.

## સારવણીમાં જમીનમાંથી માટીની ચોરી

**સરપંચ** સહિતના આગેવાનો દ્વારા મામલતદાર, ખાણ ખનીજને રજૂઆત કરી કાર્યવાહીની માંગ

ઘેજ : ચીખલી તાલુકાના સારવણી ગામના સરપંચ સહિતનાઓ દ્વારા મામલતદાર, ખાણ ખનીજ વિભાગને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર સારવણીના બ્લોક નંબર વાંસદાના કંસારિયાના હદમાં દૂધ મંડળી નજીક આવેલો છે. આ સર્વે નંબરમાંથી માટીની ચોરી કરવામાં આવેલી છે. સરકાર દ્વારા આ સર્વે નંબર ની ફરતે તાર ફેન્સિંગ કરાયુ હતું. પરંતુ તાર ફેન્સિંગ તોડી માટીની ચોરી કરવામાં આવતા તપાસ કરી જવાબદારો સામે પગલા લેવાની માંગ કરી છે. માટી ચોરીમાં ખાણ ખનીજ વિભાગની નિષ્ક્રિયતા ઉજાગર થવા પામી છે ત્યારે હવે રજૂઆત બાદ વિભાગ સક્રિયતા દાખવશે કે કેમ તે જોવુ રહ્યુ.



ધર્મેશ પટેલ

### હુમરણ વારોલી નદીની ખાડીમાંથી મહિલાની લાશ મળી

ઉમરગામ : ઉમરગામ તાલુકાના હુમરણ ગામ હુમરણ મંદિરની નજીકમાં આવેલા રેલવે ટ્રેક નીચે વારોલી નદીની ખાડીના પાણીમાંથી 30 થી 35 વર્ષની મહિલાની લાશ બુધવારે મળી હતી. આ અજાણી સ્ત્રી મધ્યમ બાધાની છે શરીર લાલ કલરની અડધી બાયની ટીશર્ટ તથા કમરે કાળા કલરની ટ્રેક પેન્ટ પહેરેલો છે. પોલીસે આજુબાજુમાં તપાસ કરતાં કોઈ વાલી વારસ મળી આવેલી નથી. ઉમરગામ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સંજાણની ઝૂંપડપટ્ટીમાં છુટ્ટા હાથે મારામારી

ઉમરગામ : સંજાણ ગામે ઝૂંપડપટ્ટીમાં છુટા હાથે અને લાકડા ધોકા વડે એકબીજાને મારતા હોય તેવો વિડીયો વાયરલ થયો છે. આ અંગે ઉમરગામ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર કોઈ ફરિયાદ અરજી થઈ છે કે કેમ એ જાણવા મળ્યું નથી.

**મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ**
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર - 400 028

### ડિમાન્ડ નોટિસ

સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002ની કલમ 13(2) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 3(1) હેઠળ.

અધિકૃત અધિકારી, મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ (MHIL)ના સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત કાયદો) હેઠળ છે. ઉક્ત કાયદાની કલમ 13(2) અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, અધિકૃત અધિકારીએ ઉક્ત કાયદાની કલમ 13(2) હેઠળ ડિમાન્ડ નોટિસો જારી કરી છે, જેમાં નીચેના દેવાદાર/ઓ ("ઉક્ત દેવાદાર")ને તેમને જારી કરાયેલ સંબંધિત ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ ચૂકવવા માટે જણાવવામાં આવ્યું છે, જે નીચે મુજબ છે.

ઉપરોક્તના સંદર્ભમાં આ નોટિસ દ્વારા ઉક્ત દેવાદારને ફરી એકવાર નોટિસ આપવામાં આવે છે કે, આ નોટિસ પ્રસિદ્ધ થયાના 60 દિવસની અંદર, નીચે જણાવેલ તારીખોથી ચુકવણી અને/અથવા વસૂલાતની તારીખ સુધી, લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લખાણો હેઠળ ચૂકવવાપાત્ર, ઉક્ત ડિમાન્ડ નોટિસોમાં વિગતવાર જણાવ્યા મુજબ 2% પ્રતિ માસના વધારાના વ્યાજ સાથે MHILને નીચે દર્શાવેલ રકમની ચૂકવણી કરે. લોનની યોગ્ય ચુકવણી માટે સુરક્ષા તરીકે, નીચેની મિલકતો ઉક્ત દેવાદારો દ્વારા અનુક્રમે MHIL ને ગીરો રાખવામાં આવી છે.

| ક્રમ નં. | દેવાદાર(ઓ)/ સહ-દેવાદાર(ઓ)/ જામીનદારનું નામ/ લોન એકાઉન્ટ નં./ શાખા | કુલ બાકી લેણી રકમ (રૂ.) | ડિમાન્ડ નોટિસની તારીખ | સુરક્ષિત અસ્કયામતોનું વર્ણન (સ્થાવર મિલકત) |
|---|---|---|---|---|
| 1. | ગુલાબદાસ છોગારામ સંત/ સૂરજ દેવી ઓરમ દાસ/ 043-04300080/ ભરૂચ | રૂ. 43,79,735/- અંકે રૂપિયા તેતાલીસ લાખ ઓગણએંસી હજાર સાતસો પાંત્રીસ પૂરા. | 12-03-2026 | તે તમામ જમીન અને મિલકતનો ભાગ જે જીલ્લો ભરૂચ, સબ-ડીસ્ટ્રીક્ટ અંકલેશ્વર, મોજે કોસમડી, રે.સ.નં. 538, 538-B કુલ ક્ષેત્રફળ 6273 ચો.મી. પૈકી શિવમ એન્કલેવ, બીજો માળ, ફ્લેટ નં. 203, બાંધકામ ક્ષેત્રફળ 74.81 ચો.મી. છે. સદરહુ મિલકતની ચતુર્દિશા આ મુજબ છે: ઉત્તર: રે.સ. ખુલ્લી જમીન, પૂર્વ: ફ્લેટ નં. 204, દક્ષિણ: પેસેજ, પશ્ચિમ: ફ્લેટ નં. 202. |

જો ઉક્ત દેવાદારો ઉપર મુજબ MHILને ચુકવણી કરવામાં નિષ્ફળ જશે તો MHIL ઉક્ત કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ઉપરોક્ત સુરક્ષિત મિલકતો સામે કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે ઉક્ત દેવાદારોના ખર્ચ અને પરિણામોના જોખમે રહેશે.

ઉક્ત દેવાદારોને MHILની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ અથવા અન્યથા ઉપરોક્ત મિલકતો સ્થળાંતરિત કરવા પર કાયદા હેઠળ પ્રતિબંધ છે. જે વ્યક્તિ ઉક્ત કાયદા અથવા તે હેઠળ બનાવેલા નિયમોની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે અથવા ઉલ્લંઘનમાં મદદ કરે, તે કાયદા હેઠળ જોગવાઈ મુજબ જેલ અને/અથવા દંડ માટે જવાબદાર રહેશે.

તારીખ: 26 માર્ચ, 2026
સ્થળ: ભરૂચ

સહી/- અધિકૃત અધિકારી,
મુથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

**વાપી મહાનગરપાલિકા- વાપી**
૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ

### (વહીવટી શાખા) (બીજો પ્રયત્ન)

વાપી મહાગરપાલિકા-વાપી, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી-૩૯૬૧૯૧, તા-વાપી, જી.વલસાડ, ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા-વાપી કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઈન https://vapimunicipality.nprocure.com, https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને વહીવટી શાખાનું નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકા-વાપીને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામાં આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત ૨. ટેન્ડર ફી | ૩. ઇએમડી ૪. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | સને ૨૦૨૫-૨૬ના વાર્ષિક ભાવે વાપી મહાનગરપાલિકા માટે ડેકોરેટિવ મંડપ માલસામાન ભાડેથી કામગીરી કરવાનું કામ | 1. Rs.30,00,000/- 2. Rs.2500/-(18% GST)-450 Total-2950/- | 3. Rs.90,000/- 4. 12 Months |
| | ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૨૭/૦૩/૨૦૨૬ | |
| | ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ ૧૭.૦૦ કલાક સુધી | |
| | ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ ૧૭:૦૦ કલાક સુધી | |
| | ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૦૪/૦૪/૨૦૨૬ બપોરે ૧૨:૩૦ કલાકે (શક્ય હશે તો) | |

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી

નં. માહિતી/વલસાડ/૧૦૨૨/૨૦૨૬

वित्त मंत्रालय
MINISTRY OF FINANCE

જીએસટી કરદાતા ધ્યાન આપો!




જે કરદાતાઓનું કુલ વાર્ષિક ટર્નઓવર# એક નિર્દિષ્ટ મર્યાદા* સુધી છે, તેઓ નાણાકીય વર્ષ 2026-27 માટે જીએસટી કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ 31 માર્ચ, 2026 સુધી પસંદ કરી શકે છે

પાત્ર કરદાતાઓ, જેઓ કમ્પોઝિશન યોજનાનો લાભ લેવા ઇચ્છે છે, તેઓ જીએસટી પોર્ટલ (www.gst.gov.in) પર નીચેની પ્રક્રિયા દ્વારા કમ્પોઝિશન યોજનાનો વિકલ્પ પસંદ કરી શકે છે:

LOGIN
લોગિન: કરદાતા ઇન્ટરફેસ પર લોગિન કરો

સેવામાં જાઓ > રજિસ્ટ્રેશન > એપ્લિકેશન ટુ ઓપ્ટ ફોર કમ્પોઝિશન લેવી પર જાઓ

ફોર્મ GST CMP-02 ભરીને સબમિટ કરો

જે પાત્ર કરદાતાઓ પહેલેથી જ કમ્પોઝિશન યોજનાનો લાભ લઈ રહ્યા છે, તેમને ફોર્મ GST CMP-02 ભરવાની જરૂર નથી

સરળ અને સુવિધાજનક પાલન | આકર્ષક કર દરો | ન્યૂનતમ પાલન જરૂરિયાતો | સ્વતઃ ચાલુ/ નવીનીકરણ અને યોજના છોડવી પણ સરળ | માલ અને સેવાઓના સપ્લાયર્સ માટે ઉપલબ્ધ | ઓછી ખાતાવહીની જરૂરિયાત

| * સપ્લાયરના પ્રકાર | | # નાણાકીય વર્ષ 2025-26માં કુલ વાર્ષિક ટર્નઓવર |
|---|---|---|
| માલના સપ્લાયર | 08 નિર્દિષ્ટ રાજ્યોમાં નોંધાયેલા કરદાતા | રૂ. 75 લાખ સુધી |
| | અન્ય રાજ્યોમાં નોંધાયેલા કરદાતા | રૂ. 150 લાખ સુધી |
| સેવાઓના સપ્લાયર | | રૂ. 50 લાખ સુધી |

વધુ માહિતી માટે કૃપા કરીને જીએસટી અધિનિયમની કલમ 10, સીજીએસટી નિયમ 3 થી 7 અને જાહેરનામું ક્રમાંક 14/2019 કેન્દ્રીય કર તારીખ 07.03.2019 જુઓ.

જીએસટી કમ્પોઝિશન યોજના: નાના કરદાતાઓ માટે મોટા લાભ

@cbicindia @cbic_india @cbicindia @CBICINDIA @CBIC india

CBC 15502/13/0051/2526